

# આહ્‌વાન

## Shahpur Methodist Church

Bahai Center, Shahpur, Ahmedabad 380 001.


Pastor : Rev. Vijay Mekwan (D.S)
Ph. : 079-25503545 (M) 98242 69347
Email : revvijaymekwan@yahoo.com
Visit us at : www.shahpurmethodistchurch.com


વર્ષ - ૪૦ | ફેબ્રુઆરી - ૨૦૧૪ | પત્ર - ૧૯


# દેવનું તેડુ

"માટે, ભાઈઓ, તમે તમારા તેડાને લક્ષમાં રાખો" ૧ કરંથી ૧:૨૬

સંત પાઉલ ખ્રિસ્તી જીવનને એક તેડુ ગણાવે છે. પ્રથમ તો કરીંથીઓને જે પત્રો લખવામાં આવ્યા છે તે મંડળીના સભાસદોને ઉદ્દેશીને લખવામાં આવ્યા છે. મંડળીના વિશ્વાસી લોકોને ધ્યાનમાં રાખીને પત્રો દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું છે. સંત પાઉલ અને એમની સાથે અન્ય લેખકો ખ્રિસ્તી વ્યક્તિ તરીકે તેડાની એટલે કે આમંત્રણની વાત કરે છે. તેડાનો સામાન્ય અર્થ "બોલાવવું" અથવા "આમંત્રણ" મેળવવું. કરીંથની મંડળીને લખવામાં આવેલ પહેલા પત્રમાં સંત પાઉલ દ્વારા આ તેડા વિષે બહુવિધ શિક્ષણ આપવામાં આવેલ છે.

સહુ પ્રથમ બાબત સંત પાઉલ તેડા સંબંધી જણાવે છે કે તેડુ આપનાર અથવા બોલાવનાર ઈશ્વર પોતે છે દેવે અમુક માણસોને પસંદ કરીને તેમને બોલાવ્યા છે. માણસ પોતે કદી પોતા વિષે નિર્ણય કરી શકે નહિ. માણસ તો ફક્ત દેવે આપેલા તેડાનો સ્વીકાર કે નકાર કરી શકે છે, સંત પાઉલ જમાવે છે કે દેવે મનુષ્યને એટલે કે મંડળીના લોકોને તેડ્યા છે અને દેવના તેડાની પાછળ તેમનો હેતું પણ રહેલો છે.

પ્રથમ, ઈશ્વરે તેમના લોકો એટલે કે મંડળી તરીકે પવિત્રતા માટે તેડ્યા છે. ૧ કરંથી ૧:૧માં મંડળીની સમજણ આપતા પાઉલ લખે છે કે મંડળી એટલે એવા લોકો કે જેઓને ખ્રિસ્ત ઈસુમા એટલે ઈસુના લોહી વડે પવિત્ર કરવામાં આવ્યા છે. જ્યારે વ્યક્તિ પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકારે છે ત્યારે ઈસુના લોહી વડે તેના પાપ માફ કરવામાં આવે છે. તારણ સમયે વ્યક્તિ પાપોમાંથી શુધ્ધ બને છે. પણ તેનામાં રહેલા પાપી સ્વભાવને કારણે તે પાપ કરવા પ્રેરાય છે. સંત પાઉલ કહે છે કે વિશ્વાસી વ્યક્તિને "સંત થવાને" તેડવામાં આવ્યો છે. સંત માટે જે ગ્રીક શબ્દ વાપરવામાં આવ્યો છે તે "પવિત્ર" માટેનો શબ્દ છે. એનો અર્થ એ કે માણસ તારણ પામે ત્યારે પવિત્ર બને તેટલું જ પુરતું નથી, પણ રોજીંદા જીવનમાં પણ પવિત્રતાને ધોરણે ચાલે અને જીવે. મંડળીને એટલે કે પ્રભુના લોકોને પવિત્રતાનું જીવન જીવવા માટે તેડું આપવામાં આવ્યું છે.

બીજું, આપણને મળેલા તેડાની પાછળ દેવનો હેતુ એ છે કે આપણે તેમના દીકરા પ્રભુ ઈસુની સંગતમાં ચાલીએ (૧ કરિંથી ૧:૯). ઈશ્વરપિતા એવું ચાહે છે કે આપણે જેમ પહેલા જગતની સંગતમાં ચાલતા હતા તેમ હવે ન ચાલીએ. હવે આપણે પ્રભુ ઈસુની સંગતમાં એટલે તેમની સાથે ચાલીએ હનોખ ત્રણસો વર્ષ દેવની સાથે ચાલ્યો હતો. યોહાનની સુવાર્તામાં પ્રભુ ઈસુ દ્રાક્ષાવેલાના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે જેમ ડાળી વેલામાં રહે છે તેમ તેના શિષ્યોએ પ્રભુ ઈસુની સાથે સતત સંબંધમાં જોડાયેલા રહેવાનું છે. સંત પાઉલ આ બાબત પર વિષેશ ભાર મુકતા શિક્ષણ આપે છે કે દેવે આપણને તેમના દિકરા પ્રભુ ઈસુની સંગતમાં રહેવા માટે તેડેલા છે.

ત્રીજું, આપણા તેડાનો આધાર આપણી કોઈ લાયકાત કે સારાપણા પર રહેલો નથી દેવે જગતના નિર્બળ અને આજ્ઞાની તેમજ વિસાત વગરના લોકોને પસંદ કર્યા છે અને તેઓને તેડ્યા છે. ઈશ્વર એવું ચાહે છે કે જગતમાં તેમનો મહિમા થાય, બીજા લોકો ઈશ્વરની મહાનતા જોઈ શકે. જ્ઞાનની બળવાન, કે મહાન માણસો તેમનો પોતાનો જ મહિમા પ્રગટ કરે છે. જ્યારે નિર્બળ અને અજ્ઞાની માણસ પોતાની જાતને છુપાવે છે. ઈશ્વર એવા માણસોની મારફતે પોતાની મોટાઈ, પોતાનું જ્ઞાન જગતમાં જાહેર કરવા માંગે છે. ઈશ્વર એવા લોકોને પસંદ કરીને તેડે છે જેઓ સમાન્ય છે પણ એમના જીવનો દ્વારા ઈશ્વરનો મહિમા જગતમાં પ્રગટ થાય છે (૧ કરિંથી ૧:૨૬-૩૧)

ખ્રિસ્તમાં વહાલાઓ, આપણે ખ્રિસ્તી હોવાના કારણે જગતમાં ખાસ લોકો છીએ, લહાવો પામેલા છીએ. ઈશ્વરે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણને પસંદ કરીને તેડ્યા છે. આપણે પવિત્રતાના જીવનમાં આગળ વધતા જઈએ, હંમેશા પ્રભુ ઈસુની સંગતમાં ચાલીએ અને પ્રભુના હાથમાં આપણી જાતનું અર્પણ કરીએ એટલા માટે કે આપણા જીવન દ્વારા પરમેશ્વરનો મહિમા જાહેર થાય, તેમના નામને મહિમા મળે. – આમેન


આ બુલેટીનનો ખર્ચ મા. શેલ્ડન વી. ક્રિસ્ટી તરફથી મળેલ છે.- આભાર.

## ગત સમયની ઝાંખી

- તા. ૧ લી જાન્યુઆરી, બુધવારે વર્ષ ૨૦૧૪ના નવા વર્ષના પ્રથમ દિવસે ખાસ ભક્તિસભામાં પાળકે હાગ્યાય ૧:૧-૧૫ આધારિત ઉત્તેજનદાયક સંદેશો આપ્યો હતો. વળી ભક્તિસભામાં પ્રભુભોજન પણ પળાવવામાં આવ્યું હતું. નવા વર્ષમાં પ્રભુના વચનો દ્વારા દોરવણી પામવા માટે પ્રોમીસ કાર્ડસ પણ વહેંચવામાં આવ્યા હતા. ભક્તિસભા પુરી થયા બાદ ચર્ચના ટેરેસ પરથી ગેસના ફુગ્ગાઓ સાથે નવા વર્ષને આવકારતું પોસ્ટર આકાશમાં છોડવામાં આવ્યું હતું. નવા વર્ષની ભક્તિસભા ખુબ આનંદદાયક બની હતી.
- તા. ૫મી જાન્યુઆરી, રવિવારે પાળકે દાનિયેલ ૧:૮-૧૬ આધારિત વિશ્વાસના જીવનમાં વિજય પ્રાપ્ત કરનાર પ્રભુના સેવકોના જીવનના સિધ્ધાંતોની શ્રેણીમાં દાનિયેલના જીવનનું રહસ્ય એ વિષય ઉપર સંદેશો આપ્યો હતો.
- તા. ૧૨મી જાન્યુઆરી, રવિવારે અમેરિકાથી પધારેલ શોન રાજેશભાઈ ક્રિશ્ચિયને ભક્તિસભામાં સંદેશો આપ્યો હતો.
- તા. ૧૯મી જાન્યુઆરી, રવિવારે પાળકે ૧ લો શમુએલ ૩૦:૧-૬ આધારિત વિશ્વાસના જીવનમાં વિજય પ્રાપ્ત કરનાર પ્રભુના સેવકોના જીવનના સિધ્ધાંતોની શ્રેણીમાં દાઉદના જીવનનું રહસ્ય એ વિષય પર સંદેશો આપ્યો હતો. ભક્તિસભામાં બાપ્તિસ્માનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવ્યો હતો.
- તા. ૨૬મી જાન્યુઆરી, રવિવારે અમેરિકાથી પધારેલ વિલેજ બેપ્ટીસ ચર્ચની ટીમના છ સભ્યો હાજર રહ્યા હતા. રેવ. ટોમ ગ્રે દ્વારા પ્રભુનું વચન પીરસવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

- તા. ૧૮મી જાન્યુઆરી, શનિવારે સુંદર અર્લીક ગુજરી ગયેલ જેઓની દફન વિધિ તા. ૧૯મી જાન્યુઆરી રવિવારે ભક્તિસભા છુટ્યા બાદ રાખવામાં આવી હતી.
- મંડળીના વડીલ શાંતિલાલ વી. પરમાર તા. ૨૧ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ ગુજરી ગયેલ જેઓની દફનવિધી તા. ૨૩ જાન્યુઆરી ગરૂવારે સાંજે તેમના નિવાસસ્થાને કરવામાં આવી હતી.
  ઈશ્વરપિતા દુ:ખિત કુટુંબીજનોને સ્વર્ગીય દિલાસો પમાડે.

## આગામી કાર્યક્રમો

- તા. ૧૬મી ફેબ્રુઆરીનો રવિવાર સ્થાનિક મહિલામંડળ દ્વારા મહિલાદિન તરીકે ઉજવવામાં આવશે. ભક્તિસભા બાદ મંડળીના બહેનો માટે એક ખાસ રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની મંડળીઓમાંથી મહિલામંડળના બહેનો પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ રીટ્રીટ માટે વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- રજીસ્ટ્રેશન પણ રાખવામાં આવ્યું છે.
- તા. ૨૩મી ફેબ્રુઆરીના રવિવારે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની બધી મંડળીઓ માટે એક સયુક્ત ભક્તિસભા આઈ.પી.મિશન. હાઈસ્કુલ કંપાઉન્ડ ખાતે રાખવામાં આવી છે. માનવંત બિશપ ડો. ઈ.પી.સેમ્યુલ સાહેબ તથા મેડમ મોનિકા અરૂણા સેમ્યુલ આ ભક્તિસભામાં ઉપસ્થિત રહી સભાને શોભાયમાન કરશે. આ ભક્તિસભામાં પૂર્ણસભાસદના ઉમેદવારાનો મા. બિશપ સાહેબ મંડળીમાં તેમજ પ્રભુ ભોજનનો પવિત્ર સંસ્કાર પણ પળાવશે.
- તા. ૨૭મી ફેબ્રુઆરી, ગુરૂવારે જાહેર રજાના દિવસે ગાંધીનગર ખાતે સવારના ૯-૩૦ થી બપોરના ૩-૦૦ સુધી પાસ્ટોરેટ કમિટિના સભ્યોનો એક સેમિનાર રાખવામાં આવ્યો છે.

## પાળક મારફતે મળેલ દાન

ડિસેમ્બર - ૨૦૧૩

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રશાંત કે. ક્રિશ્ચિયન | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૨ | બેબી જેનેસીસ જે. દાસ | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૩ | શ્રીમતી ઉર્વી કે. ટેલર | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૪ | શ્રીમતી ડાયનાબેન એમ. ચૌહાણ | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૫ | મા. રીયાન કેલેરન્સ સોલંકી | ૨૦૧ | વર્ષગાંઠ |
| ૬. | શ્રી જોય જોનભાઈ મેકવાન | ૨૦૦ | વર્ષગાંઠ |

જાન્યુઆરી - ૨૦૧૪

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અતુલ પી. મહિડા | ૨૦૦ | આ.સ્તુ. |
| ૨ | શ્રી શૈલેષ જે. માસ્ટર | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૩ | શ્રી અનિલભાઈ જે. ક્રિશ્ચિયન | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૪ | શ્રી જોસફભાઈ એ. ક્રિશ્ચિયન | ૨૦૦ | આ.સ્તુ |
| ૫ | શ્રી નૈમેષ જે. ક્રિશ્ચિયન | ૨૦૦ | આ.સ્તુ. |
| ૬ | શ્રીમતી અર્પિતા ડી. હેરી | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૭ | શ્રીમતી નિમિષા પ્રશાંત ક્રિશ્ચિયન | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૮ | મા. એનાન લીનીયસ પેલમોર | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૯ | કુ. આર્લીન અનિલ ક્રિશ્ચિયન | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૧૦ | કુ. બ્રીન્ઝા આર. મોદી | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૧૧ | શ્રી/શ્રીમતી ડેની એ. હેરી | ૫૦૦ | આ.સ્તુ. |
| ૧૨ | શ્રી રમેશભાઈ જે. ટેલર | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૧૩ | કુ. રેની આર. ટેલર | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૧૪. | કુ. જ્યોતિ કિશોરભાઈ વાઘેલા | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૧૫ | શ્રીમતી શાંતાબેન પી. સોલંકી | ૨૦૦ | આ.સ્તુ |
| ૧૬ | શ્રી વિક્ટરભાઈ મેકવાન | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૧૭ | શ્રી અતુલભાઈ પી. મહીડા | ૧૫૦ | વર્ષગાંઠ |
| ૧૮ | શ્રી અનિલભાઈ જે. ક્રિશ્ચિયન | ૫૦૦ | આ.સ્તુ. |
| ૧૯ | શ્રી માર્શલભાઈ ડેનિયલ સકારિયા | ૫૦૦ | આ.સ્તુ. |

## HAPPY BIRTHDAY- FEBRUARY

| તારીખ | નામ | તારીખ | નામ |
|---|---|---|---|
| ૦૫ | પ્રિયંકા નલીનભાઈ ક્રિશ્ચિયન | ૧૯ | વેલેન્ટીના વિનોદભાઈ દાસ |
| ૦૮ | જેક માયુસ રાઠોડ | ૧૯ | નોએલ સતીષભાઈ ક્રિસ્ટી |
| ૦૯ | કેનેથ ફ્રેન્કલીન ટેલર | ૨૨ | શ્રી મિલીન્દ રમેશચંદ્ર કાપડીયા |
| ૧૧ | શ્રીમતી મોનિકા સેમ્યુલ ડેવિડ | ૨૨ | પરેશ બ્રેન્તીયસભાઈ પરીખ |
| ૧૧ | શ્રી સમીર એસ. ભાટીયા | ૨૩ | જસ્ટીન બ્રેન્તીયસભાઈ પરીખ |
| ૧૩ | શ્રી દેવદાસભાઈ બી. ક્રિશ્ચિયન | ૨૫ | પ્રકૃતિ નલીનભઆઈ ક્રિશ્ચિયન |
| ૧૫ | શ્વેતાલી કૃણાલ મહીડા | ૨૫ | કોલીન અનિલકુમાર ક્રિશ્ચિયન |
| ૧૬ | માયુસ એડવીનભાઈ રાઠોડ | ૨૫ | અમિષા નિલેષ પરીખ |
| ૧૬ | શ્રીમતી સ્ટેલાબેન નિલેશ રાઠોડ | | |

## બાપ્તિસ્મા

તા. ૧૯મી જાન્યુઆરીના રવિવારે બેબી રીયોના ડેની હેરી અને બેબી ટ્રીના ડેની હેરીને બાપ્તિસ્મા આપવામાં આવ્યું હતું

## નવેમ્બર - ૨૦૧૩નો નાણાંકીય અહેવાલ

| | | |
|---|---|---|
| તા. ૧-૧૧-૧૩ની ઉઘડતી સિલક | રોકડ | ૧૭૩.૮૮ |
| | બેંકમાં | ૩,૩૧,૦૧૭.૫૮ |
| તા. ૩૦-૧૧-૧૩ સુધીની આવક | | ૧,૭૩,૯૯૮.૦૦ |
| | કુલ | ૫,૫૧,૧૮૯.૪૬ |
| તા. ૩૧-૧૧-૧૩ સુધીની બંધ સિલક | રોકડ | ૨૪૨.૮૮ |
| | બેંકમાં | ૩,૬૦,૨૯૯.૫૮ |
| તા. ૩૧-૧૧-૧૩ સુધીનો ખર્ચ | | ૧,૪૪,૩૪૭.૦૦ |
| | કુલ | ૫,૫૧,૧૮૯.૪૬ |

નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર

## ડિસેમ્બર - ૨૦૧૩નો નાણાંકીય અહેવાલ

| | | |
|---|---|---|
| તા. ૧-૧૨-૧૩ની ઉઘડતી સિલક | રોકડ | ૨૪૨.૮૮ |
| | બેંકમાં | ૩,૬૦,૫૯૯.૫૮ |
| તા. ૩૦-૧૨-૧૩ સુધીની આવક | | ૨૦,૩૦,૦૭૬.૦૦ |
| | કુલ | ૫,૬૩,૯૧૮.૪૬ |
| તા. ૩૧-૧૨-૧૩ સુધીની બંધ સિલક | રોકડ | ૨૩૧૬.૮૮ |
| | બેંકમાં | ૧,૩૬,૩૭૧.૫૮ |
| તા. ૩૧-૧૨-૧૩ સુધીનો ખર્ચ | | ૪,૨૫,૨૩૦.૦૦ |
| | કુલ | ૫,૬૩,૯૧૮.૪૬ |

નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર